1. પીટનો ધારો ભારતમાં બ્રિટિશ શાસનનો આધારસ્તંભ શાથી ગણાય છે ?

- પીટના ધારાથી ઈસ્ટ ઈન્ડિયા કંપની પર બ્રિટિશ સંસદનું આધિપત્ય સ્થપાયું. જેને કારણે ભારતમાં બ્રિટિશ તાજના શાસનનો આરંભ થયો તેમ ગણાવી શકાય.

2. સનદી સેવામાં કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા જ વધારવા જનરલ વેલેસલીએ શું કર્યું?

- સનદી સેવામાં કર્મચારીખોની કાર્ય ક્ષમતા વધારવા અને તાલીમ આપવા જનરલ વેલેસ્લીએ કોલકાતામાં ફોર્ટ વિલીયમ કોલેજ ની સ્થાપના કરી.

3. ભારતમાં કેવા કાયદાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે?

- ભારતમાં બ્રિટિશરોએ ઈંગ્લેન્ડ ના કાયદાઓને ધ્યાનમાં રાખીને કંપની શાસનને લાભ થાય તે રીતે કાયદા અમલમાં મુકવામાં આવ્યા હતા.

4. બક્સરના યુદ્ધ પછી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં ક્યાં પ્રાંત માં સંપૂર્ણ નિયંત્રણ પ્રાપ્ત કર્યું હતું ?

- બક્સરના યુદ્ધ પછી ઈસ્ટ ઈન્ડિયા કંપની એ બંગાળ નિયંત્રણ કામ કર્યું હતું .

5. નવા ચાર્ટડ એક્ટ પ્રમાણે ભારતનો વાસ્તવિક શાસક કોને ગણવાડી આવ્યો ?

- નવા ચાર્ટડ એક્ટ પ્રમાણએ ગવર્નર જનરલને ભારતનો વાસ્તવિક શાસક ગણવામાં આવ્યો.

6. ભારતમાં સનદી સેવાઓ શરૂ કરવાનો શ્રેય કયા ગવર્નરને આપી શકાય ?

- ભારતમાં સનદી સેવાઓ શરૂ કરવાનો શ્રેય ગવર્નર જનરલ કોર્નવોલિસને આપી શકાય.

7. ઈ.સ. 1853ના ચાર્ટર એક્ટ મુજબ સનદી અધિકારીઓની નિયુક્તિ કેવી રીતે કરવામાં આવતી હતી?

- ઈ.સ. 1853ના ચાર્ટર એક્ટ મુજબ સનદી અધિકારીઓની નિયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે કરવામાં આવતી હતી.

8. ભારતમાં સનદી સેવાઓએ કયું કાર્ય કર્યું હતું ?

- ભારતમાં સનદી સેવાઓએ બ્રિટિશના હિતો અને પોષણ કરવાનું કામ કર્યું હતું,

9. ભારતીય સૈનિકો શા માટે બ્રિટિશ સામ્રાજ્યવાદ માટે કાર્ય કરતાં હતાં ?

- ભારતીય સૈનિકો પોતાના ગુજરાન ચલાવવા માટે બ્રિટિશ સામ્રાજયવાદ માટે કાર્ય કરતાં હતાં .

10. ભારતમાં પોલીસ સ્ટેશનની શરૂઆત કોને કરી હતી ?

- ભારતમાં પોલીસ સ્ટેશનની શરૂઆત ગવર્નર જનરલ કોર્નવોલિસે કરી હતી.

11. તાલુકા કક્ષાની નાની અદાલતોના ન્યાયાધીશોને કયાં નામ ઓળખવામાં આવતાં હતાં?

➢ તાલુકા કક્ષાની નાની અદાલતોના ન્યાયાધીશોને "મુનસેફ" અને "અમીન" તરીકે ઓળખવામાં આવતાં હતાં.

12. બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં કયાં સ્થળોએ હાઈકોર્ટના સ્થાપના કરવામાં આવી હતી ?

➢ બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં કોલકાતા, મદ્રાસ અને મુંબઈ માં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.

13. બ્રિટિશ સરકારે કોના વડપણમાં કાયદા આયોગની રચના કરવામાં આવી હતી ?

➢ બ્રિટિશ સરકારે મેકોલેના વડપણ હેઠળ કાયદા આયોગની રચના કરી હતી.

14. પરંપરાગત ભારતીય ન્યાયવ્યવસ્થાનો આધાર શો હતો ?

➢ પરંપરાગત ભારતીય ન્યાય વ્યવસ્થાનો આધાર જાતી હતું.

15. બ્રિટિશ શાસન વ્યવસ્થાની ક્યાં ભારતીય ચિંતકોએ ભરપૂર ટીકા કરી હતી ?

➢ બ્રિટિશ શાસન વ્યવસ્થાની ભરપૂર ટીકા કરનાર ભારતીય ચિંતકોમાં ગાંધીજી અને દાદાભાઈ નવરોજીનો સમાવેશ થાય છે.

16. ભારતના કયા પ્રદેશોના લોકોએ મોટી સંખ્યામાં કંપનીની સેનામાં જોડાયા હતાં ?

➢ ભારતમાં ઉત્તરપ્રદેશ અને બિહારના મોટી સંખ્યામાં લોકો કંપનીની સેનામાં જોડાયા હતાં.

17. અંગ્રેજો ભારતના અધિકારીઓ વિશે શો અભિપ્રાય રાખતા હતા ?

➢ અંગ્રેજો ભારતના અધિકારીઓને નૈતિક જવાબદારીના અભાવવાળા, પતિત અને નિમ્ન કોટિના હોવાનો અભિપ્રાય રાખતા હતા.

18. કંપની શાસન દરમિયાન કલેક્ટરનું માસિક વેતન કેટલું હતું?

➢ કંપની શાસન દરમિયાન કલેક્ટરનું માસિક વેતન 1500 રૂપિયા જેટલું હતું.

19. બંગાળમાંથી દ્રમુખી શાસન વ્યવસ્થાને ક્યારે દૂર કરવામાં આવી હતી ?

➢ ઈ.સ. 1772થી બંગાળમાં દ્વિમુખી શાસન વ્યવસ્થાને દૂર કરવામાં આવી હતી.

20. કંપની શાસનના કયા તંત્રમાં અવિશ્વાસનાં તત્ત્વોનું પ્રમાણ વિશેષ હતું?

➢ કંપની શાસનના કાયદા અને ન્યાય ક્ષેત્રમાં અવિશ્વાસનાં તત્ત્વો વિશેષ હતાં.

21. 1857ના વિપ્લવ સુધી કંપની લશ્કરમાં કુલ કેટલા ભારતીય સૈનિકો હતા?

➢ 1857ના વિપ્લવ સુધી કંપની લશ્કરમાં 2,65,900 ભારતીય સૈનિકો હતાં.

22. ભારતમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે થઈ હતી ?

➢ ઈ. સ. 1773માં ભારતમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના થઈ હતી.

23. બ્રિટિશ શાસનમાં પોલિસતંત્રએ કોના હિતમાં કાર્ય કર્યું હતું?

➢ બ્રિટિશ શાસનમાં પોલિસતંત્રએ જનતાના રક્ષક બનવાને બદલે અંગ્રેજ હિતો માટે જ કાર્ય કર્યું હતું.

24. બ્રિટિશ શાસન વ્યવસ્થામાં જીલ્લા ન્યાયાધીશોને કોના કાર્ય સોપાયા હતા ?

➢ બ્રિટિશ શાસન વ્યવસ્થામાં પ્રાંતીય અને ક્ષેત્રીય ન્યાયાલયો બંધ કરી તેમના કાર્યો જીલ્લો ન્યાયાધીશોને આપ્યા હતાં.

25. "Rule of Law" નો અર્થ શો થાય છે?

➢ "Rule of Law"નો અર્થ "અંગ્રેજી શાસન સૈદ્ધાંતિક રીતે કાયદા અનુસાર ચલાવવામાં ખાવશે , શાસકની વ્યકિતગત ઈચ્છા અનુસાર નહીં". કાયદાની દ્રષ્ટિ એ માનવમાત્ર એક સમાન ગણવામાં આવશે .